# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્ય સરકારે ખેડૂતો માટે 1 હજાર 419 કરોડથી વધુનું કૃષિ રાહત સહાય પેકેજ જાહેર કર્યું.
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યુત સહાયકની ભરતીથી પસંદગી પામેલા 394 ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત કર્યા.
3. રાજ્ય સરકારે દિવાળીના બીજે દિવસે પડતર દિવસે પણ રજા જાહેર કરી
4. રાજ્યમાં દિવાળીના તહેવારોમાં આપાતકાલીન બનાવોને પહોંચી વળવા 108 ઇમરજન્સી સેવા સજ્જ
5. રાજ્યમાં આગામી 7 દિવસોમાં ગરમીમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# FARMAR'S RAHAT PAKEGE

રાજ્ય સરકારે ઓગસ્ટ 2024માં થયેલ ભારે વરસાદને કારણે ખેડૂતોની નુકસાનની ભરપાઇ માટે ૧૪૧૯ કરોડથી વધુનું કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ જાહેરાત કરતાં જણાવ્યું કે  અસરગ્રસ્ત ખેડૂતોને SDRFના નિયમો પ્રમાણે તેમજ નુકશાનની તીવ્રતાને ધ્યાને લઇ રાજ્ય ભંડોળમાંથી વધારાના ૩૨૨ કરોડ ૩૩ લાખ રૂપિયાની ટોપ-અપ સહાય પણ અપાશે.

SDRFના નિયમો પ્રમાણે ૩૩ ટકાથી વધુ નુકશાન હોય તેવા આશરે ૭ લાખથી વધુ ખેડૂતોને મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય મળશે.

ઉલ્લેખનીય છે કે ભારે વરસાદના પરિણામે ૩૩ ટકા થી વધુ નુકસાન પામેલ કુલ ૮ લાખ ૮૩ હજાર હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હતો. જ્યારે રાજ્યના ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના કુલ ૬૮૧૨ ગામોનો વિસ્તાર ભારે વરસાદથી પ્રભાવિત થયો હતો.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે વધુ વિગતો આપી છે....

(બાઇટ- ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

-----------------------------------

# CM MEET

મુખ્મયંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યુત સહાયક (JE)ની સીધી ભરતીથી પસંદગી પામેલા 394 ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત કર્યા.

આ વિતરણ કાર્યક્રમમાં મંત્રી કનુભાઇ દેસાઇ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં PGVCLની આટકોટ સબ-ડિવિઝન ઑફિસ, GETCOના 7 સબ-સ્ટેશન, SLDCના નવા રિન્યૂઅબલ એનર્જી મેનેજમેન્ટ બિલ્ડિંગ, રાજકોટ ખાતે જેટકોના વાજડી ટ્રેનિંગ સેન્ટરનું લોકાર્પણ અને E-CGRF પોર્ટલ લૉન્ચ કર્યું હતું.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

----------------------

## HOME GUARD SAMMELAN SAMAPAN

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે બે દિવસીય ૧૪મા ઓલ ઇન્ડિયા નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડઝ સંમેલન 'નું આજે સમાપન થયું છે.

આ સંમેલન દરમિયાન પાંચ સત્રોમાં હોમગાર્ડ્ઝ અને સિવિલ ડિફેન્સને મજબૂત કરવા, ક્ષમતા નિર્માણ અને આપત્તિ વ્યવસ્થાપનમાં તેમની ભૂમિકા સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સંમેલનમાં ટેક્નોલોજીના જમાનામાં આધુનિક ટેકનૉલોજીનો લાભ લઈ દળને સુરક્ષિત અને સુરૂપ સંચાલન કઈ રીતે થાય તેની ચર્ચા કરાઇ હતી.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહે આ સંમેલનનો શુભારંભ કરાવ્યો હતો.

----------------------------------

## GOVERNMENT HOLIDAY

રાજ્ય સરકારે દિવાળીની રજાઓ જાહેર કરી છે, ત્યારે દિવાળીના બીજે દિવસે પડતર દિવસે રજા જાહેર કરી છે. આ દિવસની રજાને બદલે એના પછીના બીજા શનિવારને ૭ નવેમ્બરે તમામ સરકારી કચેરીઓ ચાલુ રહેશે.

આ પડતર દિવસની રજાને લીધે દિવાળી, પડતર દિવસ, બેસતું વર્ષ તથા ભાઇબીજની એમ સળંગ ચાર રજા સરકાર દ્વારા જાહેર કરવામાં આવતાં સરકારી કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

.................

## 108 SERVICE

રાજ્યમાં દિવાળીના તહેવારોમાં આપાતકાલીન બનાવોને પહોંચી વળવા 108 ઇમરજન્સી સેવા સજ્જ છે.

ઇએમએસ- ઇએમઆરઆઇ ગુજરાતના સીઇઓ જશવંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે, કોલ સેન્ટર અને ફીલ્ડ સ્ટાફના મોટા ભાગના કર્મચારીઓ રજાઓમાં પણ ફરજ પર હાજર રહેશે અને તેમની ઓછામાં ઓછી રજાઓ મંજૂર કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આ તહેવારની ઉજવણી દરિમયાન નાગરિકોને થોડી સાવચેતી રાખવાની પણ ખાસ જરૂર છે. દિવાળી દરમિયાન માર્ગ અકસ્માતોના વધારે પ્રમાણમાં બનાવો જોવા મળતા હોવાથી સૌ નાગરિકોએ સાવચેત અને સુરક્ષિત રીતે મુસાફરી કરવી જોઇએ. તેમણે વધુમાં જણાવ્યું કે.....

(બાઇટ- જશવંત પ્રજાપતિ, સીઈઓ., 108 સર્વિસ)

-------------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## MEHSANA - NAKLI GHEE

મહેસાણાના કડી ખાતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ દરોડા પાડીને અંદાજે 10 લાખની કિંમતનો 2500 કિલો નકલી ઘી નો જથ્થો ઝડપી લીધો છે. વિભાગ દ્વારા આગળની તપાસ કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે.

જિલ્લા ખોરાક અધિકારી વી.જે.ચૌધરી ના જણાવ્યા પ્રમાણે ખોરાક વાનમાં ચોખ્ખા ઘી માં વેજીટેબલ ઘી ની મિલાવટ હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે.....

(બાઇટ- વી.જે.ચૌધરી, જિલ્લા ફૂડ અધિકારી)

--------------------

## TRAIN RADD

પૂર્વ તટ રેલવેમાં વાવાઝોડું “ દાના ” ને કારણે મુસાફરોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ કરવામાં આવી છે... 26 ઓક્ટોબરે પુરીથી ઉપડનારી ટ્રેન નંબર 22974 પુરી –ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહેશે.

----------------------------------

## KUTCH- AKASMAT

પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના ખારોઇ ગામે આજે બપોરે નર્મદા કેનાલમાં પિતા-પુત્રના ડુબી જવાથી મોત નીપજ્યાં છે.

અમારા કચ્છના પ્રતિનિધિ રામજી મેરિયા જણાવે છે કે આજે બપોરે ખેતરમાંથી પરત ફરતાં પુત્રને તરસ લાગતાં તે કેનાલમાં પાણી પીવા ઉતર્યો હતો, અને પગ લપસતા કેનાલમાં તણાયો હતો. તેને બચાવવા જતાં તેમના પિતા પણ પાણીના પ્રવાહમાં ખેંચાઇ જતાં બંને ડુબી ગયા હતા.. ગામની આસપાસના લોકોને ખબર પડતાં તેમને બંનેને બચાવવાની કામગીરી હાથ ધરી હતી. પિતા-પુત્રને બહાર કાઢી ભચાઉ સરકારી હોસ્પિટલમાં લઇ ગયા હતા, જ્યાં બંનેને મૃત જાહેર કર્યા હતા.

-------

## FINANCE COMMISSION AT JUNAGADH

16માં નાણા પંચની કેન્દ્રીય ટુકડીએ આજે જૂનાગઢ જિલ્લાના સાસણગીરની મુલાકાત લીધી હતી.

જિલ્લાના અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે કે  પંચના અધ્યક્ષ ડો.અરવિંદ પાનાગરિયા અને સભ્યો  જ્યોર્જ મેથ્યૂ, ડૉ. મનોજ પંડા અને સૌમ્યકાંતિ ઘોષ સાથે ટીમનાં સભ્યોએ ગીરની આગવી ઓળખ એવા ધમાલનૃત્યને નિહાળી ગીરની સંસ્કૃતિનાં દર્શન કર્યા હતા. ઉપરાંત સાસણ સિંહ સદન ખાતેની મુલાકાત દરમિયાન નાયબ વન સંરક્ષક ડૉ. રામ મોહન દ્વારા વિશ્વમાં એક માત્ર સાસણમાં જોવા મળતા એશિયાટીક સિંહ તથા સાસણ ગીર અભ્યારણ્યમાં વસવાટ કરતા અન્ય વન્ય પ્રાણીઓ તેમજ પક્ષિઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી તેમના રક્ષણ માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓની સરાહના કરી હતી.

.................

## MAHISAGAR – PRAKRUTIK KHETI

મહીસાગર જિલ્લામાં  પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસાર માટે જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠના ગ્રામ વ્યવસ્થાપન વિભાગની 5 ટીમ મહીસાગર જિલ્લાના પ્રવાસે છે. આ ટીમે જિલ્લાના ખેડૂતોને શિયાળુ વાવેતરમાં  યુરિયા ખાતરના બદલે  પ્રાકૃતિક ખેતી કરવા અપીલ કરી હતી.

---------------

## WEATHER FORECAST

રાજ્યમાં આગામી 7 દિવસોમાં ગરમીમાં વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

રાજ્યમાં નવરાત્રિમાં  પણ છુટો છવાયો વરસાદ ચાલુ હતો અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદ થયો હતો., પરંતુ હવે આગામી 7 દિવસ દરમિયાન રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેવાની શક્યતાઓ છે. રાજ્યભરના વિવિધ શહેરોમાં મહત્તમ તાપમાન 3 ડિગ્રી સુધી વધવાની શક્યતા વ્યક્ત કરાઇ છે. જ્યારે લઘુત્તમ તાપમાન યથાવત રહેશે.

હવામાન વિભાગના વડા એ.કે.દાસે જણાવ્યું  છે કે ગુજરાત રાજ્યને અસર કરે તેવી કોઇ સિસ્ટમ સક્રિય નથી. પરંતુ બંગાળની ખાડીમાં એક વાવાઝોડું સક્રિય થયું છે. જે બે દિવસ બાદ ઓરિસ્સાના દરિયાકાંઠે ટકરાશે. જેથી કરીને વાતાવરણ સુકું રહેશે અને લોકોને ગરમીનો અનુભવ થશે.

---------

## NEWS IN BRIEF

**અને હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

1. મહેસાણા જિલ્લાના ચોટીયા ગામે ટીબી મુક્ત અભિયાન અંતર્ગત  જનજાગૃતિ કાર્યક્રમ યોજાયા.
2. વલસાડમાં ભારે વરસાદ બાદ બિસ્માર બનેલા માર્ગોના સમારકામ માટે રજૂઆત કરાઇ.
3. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સ્પેશિયલ મોનિટર શ્રી બાલકૃષ્ણ ગોયલે વિનોબા ભાવે પ્રા. શાળા તથા વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી.
4. ઇન્ડિયન ઇન્ફોર્મેશન સર્વિસના અધિકારીઓએ છોટાઉદેપુર ખાતે ભાષા સંશોધન અને પ્રકાશન કેન્દ્રની મુલાકાત લીધી.
5. સાબરકાંઠા જિલ્લામાં દિવાળી પર્વ નિમિત્તે સ્વ સહાય જૂથ દ્વારા તૈયાર કરેલ ચીજવસ્તુઓનું બહુમાળી ભવન ખાતે વેચાણ કરાશે.
6. પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે દેશની સૌ પ્રથમ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરાઇ.

----------------------------------